# જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
પ્રેસ ફોટોગ્રાફર
(પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬



સાર્થક ગૌતમ
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬



તુષાર સી ધનેશ્વર
મો.૯૮૯૮૫ ૨૭૪૬૦



નિકુંજ વૈશ્યક
તસવીરકાર
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



દેવલ જિતેન્દ્રકુમાર રાણા
મો. ૯૦૧૬૭૩૧૧૪૪

## એસ જી - એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



એસ.જી.-એસ.વી .અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા-૨૪-૧૧-૨૦૧૮ને શનિવારના રોજ ગણિત-વિજ્ઞાન પ્રયોગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ રિફ્લેક્શન લાઈટ ,પ્લાસ્ટિક ફ્રોમ મિલ્ક એન્ડ વિનેગર, ક્રિસ્ટલાઈજેશન ઓફ કોપર સલ્ફેટ, હાઈડ્રોજન એક્સ્પ્લોડિંગ બબલ્સ, આઈ કેન ગેસ યોર ફોન નંબર, અંડર વોટર કેંડલ, ઈમેજ ફોર્મ્ડ બાય કોન્વેક્ષ લેન્સ વગેરે તેમજ બીજા અલગ-અલગ ૯૪ વિષય પર ગણિત વિજ્ઞાનના મોડલ રજૂ કર્યા હતા.

## રોટરી ક્લબ ઑફ ગાંધીનગરનું નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું



ગાંધીનગર, તા. ૨૬

શનિવારના રોજ રોટરી ક્લબ ઓફ ગાંધીનગરનો સ્નેહ મિલન કાર્યક્રમ, ફીઝીઓથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨ ખાતે યોજાયો જેમાં મોટી સંખ્યામાં રોટરી સભ્યો પરિવાર સહીત ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સભ્યોએ એકબીજાની મુલાકાત કરી શુભકામનાઓ પાઠવી ભોજનની મજા માણી હતી. ત્યારબાદ જાણીતા હાસ્ય કલાકાર અજય બારોટ ઉપસ્થિત રહ્યા હતા જેમના દ્વારા હાસ્યની ફૂલજડીયો વરસાવવામાં આવી હતી, જેને સૌએ મનમૂકીને માણી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રોટરી ક્લબ વતી પ્રમુખ અનંત પટેલ, સેક્રેટરી ડો.ધર્મેન્દ્ર પટેલ અને રોટે. અલોક ગુપ્તા દ્વારા જેહમત ઉઠાવવામાં આવી હતી.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ વધારતી વિદ્યાર્થિની



ગાંધીનગર, તા. ૨૬

બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓને ખીલવવાના પ્રયાસ સ્વરૂપે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યની શાળાઓમાં અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે ધોરણ-૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની યાત્રી હસમુખભાઈ પટેલે રાયપુર, છત્તીસગઢ ખાતે આયોજિત વેસ્ટ ઝોન જુનિયર ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશીપમાં ૧૦૦ મીટર હર્ડલ્સ અને ૪૦૦ મીટર હર્ડલ્સમાં બ્રોન્ઝ મૅડલ પ્રાપ્ત કરી શાળા, પરિવારનું નામ રોશન કર્યું હતું. સમગ્ર વેદ પરિવાર તરફથી આ વિદ્યાર્થિનીને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## શેઠ સી એમ હાઈસ્કૂલ દ્વારા વાલીમીટિંગ યોજવામાં આવી

### વિદ્યાર્થીઓએ લખેલા પેપર્સનું વાલીઓ માટે નિદર્શન યોજવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૬

શેઠ સી એમ હાઈસ્કૂલ દિવાળી વૅકેશન બાદ રાબેતા મુજબ શરૂ થઈ છે. નવા સત્રના પ્રથમ કાર્યક્રમ તરીકે સત્રાંત પરીક્ષામાં વિદ્યાર્થીઓએ લખેલા પેપર્સનું વાલીઓ માટે નિદર્શન યોજવામાં આવ્યું હતું.

આ આયોજનમાં શાળાના ધોરણ-૯થી ૧૨ના ૧૮૦૦ વિદ્યાર્થીઓ અને ૯૪૫ વાલીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી ભૂલો બાબતે શિક્ષકોએ વાલીઓની ઉપસ્થિતિમાં વિશદ માર્ગદર્શન આપ્યું હતું તથા તેમના પ્રશ્નોના ઉત્તરો પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓનાં સારાં પરિણામ માટે વાલીઓ-વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા-વિચારણા પણ યોજવામાં આવી હતી. એક નવી શરૂઆત તરીકે ટૉપર્સના પેપર્સ સૌ વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવ્યાં હતાં, જેથી અન્ય વિદ્યાર્થીઓને પોતાનું પરિણામ સુધારવા માટે માર્ગદર્શન મળી રહે. આચાર્ય ડૉ. ચેતના બુચ દ્વારા આદર્શ પેપર લેખન પધ્ધતિ દર્શાવી ઉત્તમ પેપર લખવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ માટે દિવાળી વૅકેશનના ૭ દિવસ દરમિયાન દરરોજ ચાર કલાક શિક્ષણકાર્ય આદર્શ શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

બી એ પટેલ, મુકેશ પટેલ અને ડી ઍન પટેલના સક્રિય સહયોગથી આ ઉપક્રમ સફળતાને વર્યો હતો.

## વાસણ મહાદેવ ગામે મ્યુઝિકલ નાઈટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રેરિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી-ગાંધીનગર તથા કોસમોસ ક્રિએશન-ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના વાસણ મહાદેવ ગામે મ્યુઝિકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોસમોસ ક્રિએશન ફાઉન્ડેશન સંસ્થાના પ્રમુખ રતનસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હેમંતભાઈ મીર, અલકાબેન રાઠોડ, એન સી ચૌહાણ અને સાથી કલાકારો દ્વારા ગીત-સંગીતની રસલ્હાણ પિરસવામાં આવી હતી. જય ભોલે યુવક મંડળ દ્વારા કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ગામલોકોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આનંદ માણ્યો હતો.

## નોટરી વેલ્ફેર સ્કિમનો આરંભ કરાયો

ગાંધીનગર, તા. ૨૬

નોટરીઝ એસોસિએશન ગુજરાતના સભ્યોના લાભાર્થે નોટરી વેલ્ફેર સ્કિમ શરૂ કરવામાં આવી છે. વેલ્ફેર સ્કિમનો આરંભ રવિવારે ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ રાજેશ શુકલ તથા રાજ્યના કાનૂન મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ રાજેશ શુક્લે જણાવ્યું હતું કે, વ્યવસાયના બહોળા વર્ગના કલ્યાણ માટે સ્થાપિત તમામ કલ્યાણકારી યોજનાઓના અમલ કરનાર આયોજકોએ સભ્યોની તરફેણમાં સજાગપણે જવાબદારીપૂર્વક કામ કરવું જોઈએ. જસ્ટિસ શુક્લએ સ્કિમમાં જોડાવાની પહેલ કરનાર ૨૫ નોટરીના નિયત ફોર્મ સ્કિમના ચેરમેન જિજ્ઞેશ ભગત તથા કો-ઓર્ડિનેટર પરિમલ દેસાઈને સુપરત કર્યા હતા..

મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ સંબોધન કરતા નોટરી વેલ્ફેર સ્કિમને આવકારી હતી અને નોટરીઓને પડતી અન્ય તકલીફોના સંદર્ભે જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારે રાજયમાં અદાલતો માટે નવી ઈમારતોના બાંધકામ માટે બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઈ કરી છે. ત્યારે તેમાં નોટરીઓને ઓફિસ માટે જગ્યા ફાળવવામાં કોઈ મુશ્કેલી પડશે નહીં. નોટરીઓ સામાન્ય જનતાને ઉપલબ્ધ ૨૪ કલાકની મોબાઈલ સેવા જેવા છે અને તેમની વાજબી મુશ્કેલીઓ દૂર કરવાની અમે ખાતરી આપીએ છીએ. .

કાર્યક્રમના આરંભે નોટરી એસો. ગુજરાતના પ્રમુખ અને વેલ્ફેર સ્કિમના પુરસ્કર્તા ધીરેશ ટી. શાહે જણાવ્યું હતું કે, એસોસિયેશનમાં ૧૩૫૦ સભ્યો છે અને ટૂંક સમયમાં આ આંક ૧૫૦૦ થશે. અમારો હેતુ નોટરી સભ્યના અવસાન બાદ તેના વારસદારોને રૂ. ૩ લાખની સહાય કરવાનો છે. જો આ સ્કિમનું ભંડોળ અને આવક વધશે તો ભવિષ્યમાં આરોગ્ય વિષયક તેમજ કુદરતી કે માનવસર્જિત આફત સમયે પણ સહાય કરાશે. આજનો સમારંભ એક સાથે ત્રણ હેતુ વેલ્ફેર સ્કિમ, નૂતન વર્ષનો મિલન સમારંભ અને સભ્યોની બેઠક સિદ્ધ કરે છે.

## મૅનૅજમૅન્ટ સ્કૂલ્સમાં પ્રવેશ માટે 'કૅટ' યોજાઈ

### રાજ્યના ૬ હજાર વિદ્યાર્થીઓ જોડાયા : જાન્યુઆરીમાં પરિણામ

ગાંધીનગર, તા. ૨૬

દેશની ૨૦ કરતાં વધારે IIM અને નામાંકિત ગણાતી બિઝનેસ સ્કૂલમાં પ્રવેશ માટે રવિવારે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (કેટ) લેવાઈ હતી. દેશના ૧૪૭ શહેરો અને ૩૦૦થી વધારે સેન્ટરો પર લેવાયેલી કેટની પરીક્ષાનું સંચાલન કોલકત્તા આઈઆઈએમ દ્વારા કરાયું હતું. આ પરીક્ષામાં અંદાજે ૨ લાખ ૩૨ હજાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાંથી અંદાજે ૬ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓને પરીક્ષા આપી હોવાનો અંદાજ છે. આ પરીક્ષાનું પરિણામ જાન્યુઆરીના બીજા સપ્તાહમાં આવવાની શક્યતા છે. .

સવારે ૯થી ૧૨ અને બપોરે ૨થી ૫ એમ, કુલ બે સેશનમાં પરીક્ષા લેવાઈ હતી. ગુજરાતમાં અમદાવાદ ઉપરાંત વડોદરા, રાજકોટ, સુરત, આણંદ અને ગાંધીનગર જેવા શહેરોમાં આ પરીક્ષા લેવાઈ હતી. કેટ આપનારા વિદ્યાર્થીઓને કહેવા પ્રમાણે આ વખતે પ્રશ્નપત્રની પેટર્નમાં કોઈ મહત્ત્વનો ફેરફાર કરાયો નહોતો પરંતુ ત્રણ સેકશનમાંથી એક સેકશન અઘરું રહ્યું હતું. જ્યારે બે સેકશન સહેલા હતા. બીજા પ્રશ્નપત્રમાં બીજા સેક્શનમાં ડેટા ઈન્ટરપ્રિટેશનના પ્રશ્નો અઘરા લાગ્યા હતા. રાજ્યમાંથી કુલ કેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તેનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી. પરંતુ અંદાજે ૬ હજારથી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હોવાનું માનવામાં આવે છે. આજની પરીક્ષામાં કેટલાક કેન્દ્રો પર ગણતરીની મિનિટ મોડા પહોંચેલા ઉમેદવારોને પણ પરીક્ષા આપવા ન દેવાતા વિવાદ થયો હતો.

## ડિસેમ્બર માસ દરમિયાન અમદાવાદમાં યોગ ફેસ્ટિવલ

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદમાં અનોખા હેરિટેજ યોગ ફેસ્ટિવલનું આયોજન આગામી ડિસેમ્બર મહિનામાં કરાયું છે. આ નિઃશુલ્ક આયોજનમાં સૌ અમદાવાદીઓ હોંશભેર ભાગ લઈ શકશે. એસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલ, છારોડી અને હેતલ્સ યોગ ક્લિનિકના સંયુક્ત ઉપક્રમે જીવંત સંગીત સાથે ધ્યાન અને સૂર્યનમસ્કાર સહિતનાં યોગાસનોનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદનાં પ્રસિદ્ધ અને પ્રાચીન સ્મારકો ખાતે આ સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવશે.

આ અંગે યોગ એક્સપર્ટ હેતલબેન દેસાઈએ જણાવ્યું કે યોગ શરીરને સ્વસ્થ અને જીવનને દીર્ઘાયુ બનાવે છે, પરંતુ આ આપણો એક ઐતિહાસિક વારસો પણ છે, જે આજે સમગ્ર વિશ્વમાં પ્રસરી ચૂક્યો છે. તા.૨૧મી જૂનનાં રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી થાય છે અને બીજી મહત્ત્વની બાબત છે કે આપણું અમદાવાદ 'હેરિટેજ સિટી' છે ત્યારે સૌપ્રથમવાર 'હેરિટેજ યોગ'નું આયોજન આપણા હેરિટેજ સિટીમાં કરવામાં આવ્યું છે. શિયાળામાં મનની શાંતિ માટે, સંકટની સ્થિતિમાં ભાવનાત્મક સ્થિરતા માટે જીવંત સંગીત સાથે ધ્યાન, સૂર્યનમસ્કારનું આયોજન કરવામાં આવ્યું છે, તે એક નવો આયામ છે.

આ સમગ્ર આયોજન પાછળ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે, એમ કહી તેમણે જણાવ્યું કે હેતલ્સ યોગ ક્લિનિક અને એસજીવીપીનાં સંયુક્ત ઉપક્રમે આ સૌપ્રથમવાર નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. જે દર વર્ષે યોજાય તેવી પણ ઈચ્છા છે. ખાસ કરીને યોગને હેરિટેજ સિટીનાં લોકો દૈનિક જીવનનો હિસ્સો બનાવી લે તે પાછળનો આ પ્રયોગ છે. ખાસ કરીને આજે બાળકો અને યુવાનોમાં પણ માનસિક તણાવની સ્થિતિ અને વિવિધ દુઃખાવા એ જીવનનો જાણે ભાગ બની ગયો છે ત્યારે સ્ટ્રેસ ફ્રી લાઈફ બનાવવા માટે આ પ્રયોગ ખૂબ જ સહાયક સાબિત થશે. તેમણે જણાવ્યું કે યોગનું માહાત્મ્ય સમજાવવાની સાથે જ વિવિધ સંગીતમય પ્રયોગોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, તે ખૂબ જ સરાહનીય બની રહેશે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી : સી પ્લેન માટે કેવડિયા ખાતે સરદાર સરોવર ડેમમાં બનશે વૉટર એરોડ્રામ

### નર્મદા ડેમ ખાતે વોટર એરોડ્રામ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કવાયત

ગાંધીનગર, તા.૨૬

નર્મદા ડેમ ખાતે વોટર એરોડ્રામ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં વડોદરા એરપોર્ટના ડાયરેક્ટર ચરણસિંહની મેન્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. રાજ્ય સરકારના ટૂરિઝમ વિભાગના સચિવ એસ. જે. હૈદરના જણાવ્યા મુજબ રાજ્યમાં અન્ય ચાર જગ્યાએ પણ વોટર એરોડ્રામ બનાવવા આયોજન છે. આ યોજનાથી વિવિધ સ્થળોની કનેક્ટિવિટી અને ટુરિઝમને પ્રોત્સાહન મળશે.

'સી પ્લેન' વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. સુરત ખાતે તાજેતરમાં તાપી નદીમાં આ અંગે શક્યતા ચકાસવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓનો ધસારો જોઈ રાજપીપળા ખાતે રનવે અને એરપોર્ટ માટે તાજેતરમાં જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે હવે સરદાર સરોવર ડેમમાં 'સી પ્લેન' કનેક્ટિવિટી માટે ત્વરિત કાર્યવાહી કરવા આદેશ થાય છે. રાજ્ય સરકારના મત મુજબ પ્લેન પાણીમાં ઉતરે કે, ટેક ઓફ કરે તે માટે નજીકમાં એરોડ્રામ જરૂરી હોય છે. સરદાર સરોવર પાસે ક્યાં આ સ્થળ યોગ્ય છે, તે અંગે પ્રી -ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરી વડોદરા એરપોર્ટ ડાયરેક્ટરે આપવાનો રહેશે.

રાજ્ય સરકારના ટૂરિઝમ વિભાગના સચિવ મુજબ રાજ્યમાં ચાર સ્થળ આઈડેન્ટિફાય થયા છે. સાબરમતી નદી, ધરોઈ ડેમ અને શત્રુંજય ડેમ ખાતે ખુલ્લા પાણીમાં વોટર એરોડ્રામ બનાવવા આયોજન છે. જે અંગે અમદાવાદ અને ભાવનગરના એરપોર્ટ ડાયરેક્ટરને મેન્ટોર તરીકે જવાબદારી સોંપાઈ છે.

## ધો. ૧૦-૧૨ના પરીક્ષાર્થીઓ માટે ડિસેમ્બરથી ટોલ ફ્રી હેલ્પલાઇન શરૂ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી માર્ચ-૨૦૧૯થી શરૂ થતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની જાહેર પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થી, વાલી તેમજ શાળાને માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઈન ડિસેમ્બર માસના અંતથી શરૂ થઈને પરીક્ષાઓ ચાલુ રહેશે ત્યાં સુધી કાર્યરત રહેશે. આ હેલ્પલાઈનમાં એક્સ્પર્ટ કાઉન્સિલર તેમજ સાઈકોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ટોલ ફ્રી હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે. હેલ્પલાઈન સવારે ૧૦-૦૦ થી સાંજે ૦૬-૩૦ના સમયગાળા દરમિયાન ચાલુ રહેશે

૧૦ ડિસે.થી સીબીએસઈ શાળાઓમાં પણ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પૂર્વે જેમાં વિદ્યાર્થીઓને બદલાયેલી પરીક્ષા પદ્ધતિ અંગે પણ જાણકારી અપાશે. કાઉન્સેલિંગ સેશન શરૂ કરાશે. બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન ખૂબ તણાવમાં હોય છે અને તણાવમાં અનિચ્છનીય પગલું ભરવા સુધી જતા હોય છે. ત્યારે આ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા સિવિલ હોસ્પિટલના માનસિક વિભાગ દ્વારા પણ ૨૪ કલાક હેલ્પ લાઈન શરૂ કરવામાં આવશે. જેનો નંબર છે ૭૦૪૬૧૩૦૬૫૨ રહેશે. આ નંબર ૨૪ કલાક માટે ઉપલબ્ધ રહેશે.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૩૭મો મણકો ॥**

એટલામાં એક સિપાહી ખબર લાવ્યો 'પુલિસ કમિશનર સાહબને આપકો સલામ ભેજા હૈ.' ગાંધીજી સમજતા હતા કે આ સલામનો મતલબ પોતાને કમિશનરે મળવા બોલાવ્યો છે એવો થતો હતો. તેમણે કમિશનર પાસે જતા પહેલાં સાથીઓને સલાહ આપી દીધી હતી કે આ વાતની ગામમાં ખબર આપજો. કમિશનરે તેમને સ્પષ્ટ જ આદેશ આપ્યો,



'જિલ્લામાં ચળવળ કરનારા લોકો અમને નથી જોઈતા.' ગાંધીજીએ સમજાવવાનો પ્રયાસ કર્યો કે પોતે અહીં ચળવળ કરવા નથી આવ્યા, માત્ર તીન કઠિયાની વ્યવસ્થા સમજવા માટેનો જ પ્રયાસ કરી રહ્યા છે, પણ કમિશનર ન માન્યા. તેમણે ગાંધીજીને જિલ્લામાંથી તડીપાર કરવાનો આદેશ સંભળાવી દીધો. ગાંધીજીને જે પહેલો સરકારી આદેશ મળ્યો તે તડીપારનો હતો. ગાંધીજીએ નમ્રતાથી કહ્યું કે 'હું આ હુકમને નહીં માનું, હું કાયદાની અવજ્ઞા કરીશ.' કમિશનરે કહ્યું, 'ભલે. તો સવારે કૉર્ટમાં હાજર રહેજો.'

150 ગાંધીયાત્રા

સવારે મોતીહારીની કોર્ટ ખચોખચ ભરેલી હતી. સાથીઓએ ગામમાં ખબર ફેલાવી દીધા હતા કે જે માણસ તમારા ભલા માટે આવ્યો છે તેને તો સરકારે કોર્ટમાં બોલાવ્યો છે. આથી લોકો કોર્ટમાં એકઠા થઈ ગયા હતા, તેમને શાંત કરવા એ કોર્ટ માટે પણ કપરું કામ હતું, જે ગાંધીજીના સાથી વકીલોએ કર્યું. તેમણે કોર્ટમાં શાંતિ જાળવવા ગામલોકોને સમજાવ્યા ને કાયદો ને વ્યવસ્થા આ વકીલોએ જાળવી, પોલીસે નહીં. સૌના ને કોર્ટના આશ્ચર્ય વચ્ચે ગાંધીજી કોર્ટમાં હસતાં હસતાં આવ્યા, ચહેરા પર જરાય અસ્વસ્થતા નહીં, કોઈ ગભરાટ નહીં, જરાય બીક નહીં.

કાર્યવાહી ચાલુ થતાં પ્રશ્નો પૂછાવા લાગતાં જ તેમણે કહ્યું, 'વખત બગાડવાની જરૂર નથી. હું મારો ગુનો કબૂલ કરુ જ છું. મને સજા કરો.' ગુનોય સામેથી કબૂલ કરી લીધો ને સૌનો સમય બચાવવાનીય વાત કરી. એથી સૌને વધુ આશ્ચર્ય થયું. પણ એમ આરોપી કહે ને કોર્ટ સજા આપી દે એવું થોડું બને ? કોર્ટે સજા બીજે દિવસે ફરમાવવાની વાત કરી. વચ્ચેની એક રાત ગાંધીજીને મળી. એ દરમ્યાન તો તેમણે કોર્ટને આપવા માટે વિગતવાર નિવેદન ઘડી કાઢ્યું ને ગવર્નરને તાર પણ કરી દીધો. એમાં એવી પણ વિનંતી કરી કે આ સમાચાર વાઈસરૉયને પણ આપજો. સાથે જ અમદાવાદ આશ્રમમાં મહાદેવભાઈ દેસાઈને પણ તાર કરી દીધો ને જણાવ્યું, 'તું ને નરહરિ બંને અહીં આવી જાવ.'

સવારે કોર્ટ શરૂ થવાના સમયે તો ગવર્નરનો હુકમ આવી ગયો હતો, 'આ કેસ પાછો ખેંચી લો અને મિસ્ટર ગાંધીને આ તપાસમાં શક્ય થાય તેટલી મદદ કરો.' આનાથી મોટું આશ્ચર્ય આ વિસ્તારના લોકો માટે બીજું કોઈ ન હતું. 'ગઈકાલ સુધી જેને ગુનેગાર તરીકે સજા સંભળાવવાની હતી તેને સરકાર દ્વારા જ આજે મદદ કરવાની વાત થઈ રહી છે ! એવો કેવો આ માણસ !'

એ પછી ગાંધીજીએ જે કામ કર્યું તે ઘણું મોટું હતું. તેમણે ખેડૂતોને મળવાનું નક્કી કર્યું. સાથીઓને સૂચના આપી દીધી હતી કે તપાસના કાગળ સાચવજો અને ફરિયાદ લખવામાં કોઈપણ જાતની અતિશયોક્તિ ન કરતા. જે હોય તે લખજો.

ડૉ. રાજેન્દ્રપ્રસાદે લખ્યું છે કે, 'અમારા માટે તો આ ટ્રેનીંગ પિરીયડ હતો.' અનેક જાતની ટ્રેનીંગ તેમને ગાંધીજી પાસેથી મળતી.


ચંપારણ એ હિમાલયની તળેટીમાં આવેલો પ્રદેશ એટલે ત્યાં ઠંડી બહુ પડે. ગાંધીજી મહાદેવભાઈને એમ કહે કે, 'પહેલાં નીચે જૂનાં છાપાં પાથરો, એની ઉપર હું સૂઈ જાઉં ને પછી મને છાપાં ઓઢાડી એના પર ચાદર નાંખજો જેથી ઠંડી થોડી ઓછી લાગે.' રાજેન્દ્રબાબુ આવી એક રાતનો પ્રસંગ નોંધતાં જણાવે છે કે, આવી ઠંડીની રાત્રે ૧૧ વાગ્યે ગાંધીજી જે તરફ સૂતા હતા તે તરફથી 'ધબ ધબ' એવો અવાજ આવ્યો. તેથી અમે ચોંક્યા, થયું, કોઈ ઘરફોડિયો આવ્યો કે શું ? અમે સૌ તે તરફ દોડી ગયા ને જોયું તો ગાંધીજી બાથરૂમમાં પોતાનાં કપડાં ધોઈ રહ્યા હતા. તેમણે કહ્યું, 'તમારાં પણ કપડાં હોય તો પણ આપો. હું તે ધોઈ આપીશ.' બીજા દિવસથી કપડાં જાતે ધોવાની ટ્રેનીંગ શરૂ થઈ ગઈ.

આપણું કામ આપણે જાતે જ કરવું જોઈએ એવું શીખવનાર ગાંધીજીએ રસોડાની બાબતમાં પણ એમ જ કર્યું. સાથે આવેલા માણસો વિશે તેમણે પૂછ્યું તો અમે જણાવ્યું કે 'તેઓ અમારા રસોઈયા છે, અમારા માટે રસોઈ બનાવે છે.' આથી ગાંધીજી બોલ્યા, કે સૌને માટે એક જ કામ હોય તો એ અલગ અલગ માણસો શું કામ કરે ? આપણે બધાનું રસોડું ભેગું જ કરીએ તો ? આમ બધાનું રસોડું પણ એક થયું. રાજેન્દ્રબાબુએ જણાવ્યું છે કે, 'પહેલીવાર કોઈ કાયસ્થને હાથે પણ ન બને એવી રસોઈ જમ્યા.' આમ તો પોતે બ્રાહ્મણ હતા તેથી તેમની રસોઈ કોઈ કાયસ્થ કે બ્રાહ્મણ જ બનાવે. પણ આ પહેલીવાર તેમણે મોઢ વાણિયણના હાથની રસોઈ ચાખી હતી. એ રસોઈ કસ્તૂરબાએ બનાવી હતી, મણિબેન, દુર્ગાબેને બનાવી હતી.

એકસાથે રસોડું કરી, એકસાથે જમીને ગાંધીજીએ જાતિવાદ ઉપર પણ પ્રહાર કર્યો હતો એ પણ સૌ સમજી શક્યા.

કામ કરતી વખતે સૌને સરકારી માણસોનો જે ડર લાગતો હતો તે પણ ગાંધીજીએ કાઢ્યો. કોઈએ ફરિયાદ કરી કે સરકારી માણસો સતત સાથે રહે છે તેથી ડિસ્ટર્બ થવાય છે. ગાંધીજીએ કહ્યું, 'તમને મળવા મોટી સંખ્યામાં જે ખેડૂતો આવે છે તેમનાથી તમે ડિસ્ટર્બ નથી થતા અને થોડા સરકારી માણસોથી તમે ડિસ્ટર્બ થાઓ છો ? હકીકતે એ તમારો ડર છે. તમે જો સાચી જ ફરિયાદ લખો છો તો તમને શેનો ડર છે ? સાચું જ લખો છો તો કોઈનાથીય ડરવાની જરૂર નથી.'

જાતે ખેડૂતોને મળીને તેમની ફરિયાદો લખીને ગાંધીજીએ ચાર હજાર અરજીઓ તૈયાર કરી. તેમના સત્યાગ્રહની આ વિશેષતા હતી - માગણી રાખો તો નક્કર, ઉદ્દેશ રાખો તો ઊંચો. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ